મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન સ્વૈચ્છિક
સંસ્થા (એન.જી.ઓ.ને) સોંપવા બાબત.

ગુજરાત રાજય
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:મભય/૧૦૨૦૧૫/સી.સી.-૧૩/ આર
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૦૮/૨૦૧૬

ઠરાવ-

મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓ (એન.જી.ઓ.)ને સોપવા બાબતમાં એસ.સી..એ. ૧૯૯૧૨/૨૦૧૫ માં નામ.હાઇકોર્ટે તા.૧/૩/૨૦૧૬નો જે ચુકાદો આપેલ છે તેના અનુસંધાનમાં નીચે પ્રમાણે કાર્યવાહી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન જે જિલ્લા/શહેરમાં સ્વૈચ્છિક સંસ્થા (એન.જી.ઓ.)ને સોંપવાની વિચારણા કરવાની હોય તે જિલ્લા/શહેરના કલેકટરશ્રી/મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ સ્થાનિક વર્તમાન પત્રોમાં જાહેરાત આપી સબંધિત વિસ્તારમાં મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન સંભાળવા ઇચ્છા ધરાવતી સ્વૈચ્છિક સંસ્થા (એન.જી.ઓ.) ની અરજીઓ મંગાવીને કેન્દ્ર સરકારની નેશનલ પ્રોગ્રામ ઓફ ન્યુટ્રીશનલ સપોર્ટ ટુ પ્રાયમરી એજ્યુકેશન-૨૦૦૬ (મધ્યાહન ભોજન યોજના)ની જોગવાઇઓ અને સરકારશ્રીના વખતો વખતના ઠરાવો /પરિપત્રો ધ્યાનમાં લઇને યોગ્ય સ્વૈચ્છિક સંસ્થા (એન.જી.ઓ.)ની વિચારણા કરવા માટે કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના મારફતે સરકારશ્રીના શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે.જે અન્વયે સરકારશ્રી જરૂરી વિચારણા કરી યોગ્ય હુકમો કરશે. એન.જી.ઓ. એ સબંધિત કેન્દ્રોમાં હાલમાં ફરજો બજાવતા સંચાલક,કુક અને હેલ્પરને પણ સમાવવાના રહેશે તેમ પણ ઠરાવવામાં આવે છે."

આ અંગેના હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા. ૨૯/૦૭/૨૦૧૬ની સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

--માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.

--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,ગાંધીનગર.

-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.

-- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી.

-- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

-- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ } કમિશ્નરશ્રી,મ.ભો.યો.ગાંધીનગર મારફતે

--સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.

-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)

-- નાયબ સેકશન અધિકારીશ્રી,

-- સિલેકટ ફાઇલ.